Research Paper Arts

Jagjivannu Dhyey-Mnovishleshnatmak Abhigamthi Tapas

AashkaDevmurari | M.A.,M.Phil. Vadodara

KEYWORDS

'જગજીવનનું ધ્યેય' વિશે વાર્તાકાર રા.વિ.પાઠક પોતે પ્રસ્તાવનામાં નોંધે છે:

'જગજીવન પોતાનો અધિકાર અને ધ્યેયનું સ્વરૂપ સમજ્યા વિના ન પરણવાનું વ્રત લે છે...ધ્યેય સુધી ઊંચે જવાનું છે. પણ તે અંદરથી ઊગીને જવાનું છે. એ ઊગવાનું બીજ જ ન હોય તે ધ્યેય નકામું છે, ભારરૂપ છે અને બીજા ધ્યેયો કરતાં નૈષ્ઠિક બ્રહમચર્યના ધ્યેય વિશે મને આ બતાવવા જેવું જણાયું છે.'

'જગજીવનનું ધ્યેય' વાર્તાના શીર્ષકમાં રહેલો 'ધ્યેય' શબ્દ ધ્યાન ખેંચે છે. શીર્ષક વાંચતા જગજીવનનું ધ્યેય શું હશે તે જાણવાની જીજ્ઞાસા જાગે. મનોવિશ્લેષણાત્મક અભિગમથી જોઈએ તો આ વાર્તાને એડલરના જીવન-રીતિ અને લક્ષ્યના વિભાવ દ્વારા સમજાવી શકાય. સ્ત્રી-પુરુષ સંબંધની વાત આવતી હોવાથી કામવૃત્તિના સંદર્ભે પણ વાર્તાને તપાસી શકાય. સાથે જ કાર્લ જુંગના પર્સોના અને શેડો તથા એનીમા-એનીમસના સિદ્ધાંતથી પણ આ વાર્તાને જોઈ શકાય.

આ વાર્તામાં મુખ્ય પાત્ર જગજીવન શાહ છે. કથાનો સમય અસહકારના આંદોલનનો છે. તેથી મહાત્મા ગાંધી પણ અહીં પાત્રરૂપે જોવા મળે છે. વનરાવનદાસની મા વિનાની દીકરી સરસ્વતી એ વાર્તાની નાયિકા છે. હવાફેર માટે બીમાર સરસ્વતી ગાંધીવાદી વિચારધારા ધરાવતા જગજીવન શાહના ઘરે રહેવા જાય છે. જગજીવનના સંયમી વર્તનને કારણે સરસ્વતી જગજીવન તરફ આકર્ષાય છે. પણ જગજીવન તો અડગ છે. સરસ્વતી ક્ષણ ચૂકે છે અને પરિણીત રતિલાલ સાથે શારીરિક સંબંધ બાંધી બેસે છે. તેથી ગર્ભવતી બને છે. તેમાં જગજીવનની બદનામી થાય છે. જગજીવન ગાંધીજી પાસે જઈને એ વાત સાબિત કરાવે છે કે પોતે નિર્દોષ છે. સરસ્વતીનો પુત્ર મૃત્યુ પામે છે પછી જગજીવન તેની સાથે લગ્ન કરવા તૈયાર થાય છે. જગજીવન અને સરસ્વતી બંને ગાંધીજી આશીર્વાદ લેવા જાય છે. ગાંધીજી જે પ્રશ્ન પૂછે તે સંભાળીને સરસ્વતી ચોંકી જાય છે અને જગજીવન સાથે પરણવાની ના પાડી દે છે. ત્યાં વાર્તા પૂરી થાય છે.

વાર્તાકાર જગજીવનનો પરિચય નીચેના શબ્દોમાં આપે છે:

'જગજીવનની ઉંમર નાની હતી. પણ તેના પ્રમાણમાં તેણે સારી આબરૂ મેળવી હતી...માતાએ બે દીકરા મોટા કર્યા અને જિન ચલાવ્યું. મોટો દીકરો બી.એ. થઇ ભણેલી બૈરી પરણ્યો. તેણે માજી સાથે કંકાસ કર્યો એટલે માજીએ તેને જુદો કાઢ્યો. ભાભીના કંકાસ, અન્યાય અને જુઠ્ઠાણાથી જગજીવનને એટલું ખરાબ લાગેલું કે તેણે માજીની સેવા કરવા ન પરણવાનો નિશ્ચય કરી નાંખ્યો. તેને નાનપણથી જિનનું કામ હાથમાં લેવું પડ્યું. તેથી તે અંગ્રેજી બહુ ભણી શક્યો નહોતો, પણ એટલે જ તેણે નિશ્ચયપૂર્વક અભ્યાસ વધાર્યો.'

અહીં જગજીવનનો ન પરણવાનો ધ્યેય જાણવા મળે છે. જગજીવન અસહકારની ચળવળમાં રસ લે છે. 'નવજીવન' સામયિક નિયમિત વાંચવાનું રાખે છે. દેવકપાસ, કાંતણ, પીંજણ, બ્રહમચર્ય, સ્વદેશી વગેરે વિશે ગાંધીજી સાથે પત્રવ્યવહાર કરે છે. તેમાંથી કેટલાંકના જવાબો ગાંધીજી નવજીવનમાં આપે છે. એટલું જ નહિ, એકવાર ગાંધીજી તેને ત્યાં થોડાં સમય માટે રોકાય પણ છે. આ બંધાથી જગજીવનની સારી ખ્યાતિ બંધાય છે.

મનોવિશ્લેષણાત્મક અભિગમથી જગજીવનને સમજીએ તો, તરત ખ્યાલ આવે કે નાની ઉંમરે પિતા ગુમાવનાર જગજીવનને યોગ્ય માર્ગદર્શન મળ્યું નથી. માતાને પડેલું દુઃખ તેણે જોયું છે. મોટો ભાઇ ભણે છે અને ભણેલી પણ ઝઘડાળુ યુવતી સાથે લગ્ન કરે છે. કાર્લ જુંગ કહે છે કે, પુરુષના ચિત્તમાં એનિમાની છબી સૌ પ્રથમ માતા વડે રચાય છે. અને ત્યાર બાદ જે કોઈપણ સ્ત્રીથી પુરુષ હકારાત્મક કે નકારાત્મક રીતે પ્રભાવિત થાય તેના વડે એનિમાની છબી ઘેરી બને છે. જગજીવન માતાના સદગુણોજુએ છે.પણ કાચી વયે ભાભીના દુર્ગુણો જોઇને જગજીવનના મનમાં સ્ત્રીઓ માટે એક પ્રકારનો નકારાત્મક દૃષ્ટિકોણ બંધાઈ જાય છે.

નાનપણમાં જ જિનનું કામ હાથમાં લેવાને કારણે જગજીવન ભણી શકતો નથી. મોટો ભાઇ અને ભાભી ભણેલાં છે. એડલરના ક્ષતિપૂર્તિના નિયમ મુજબ અહીં ઓછું ભણેલો જગજીવન સમાજમાં નામના મેળવવા માટે કમર કસે છે અને ગાંધીજી સાથે વિવિધ વિષયો પર પત્રવ્યવહાર કરીને, સમાજમાં નામના મેળવીને તે પોતાની ક્ષતિની પૂર્તિ કરે છે. જગજીવનના આ એકધાર્યા જીવનમાં વળાંક સરસ્વતી તેના ઘરે આવે છે તે ઘટનાથી આવે છે.

જગજીવનના પાત્રની મર્યાદાઓ, નબળાઈ સરસ્વતીના આગમનથી ખુલ્લી પડે છે. જગજીવન તેની અને સરસ્વતી વચ્ચેનું એકાંત ટાળવા માટે હંમેશા ત્રીજી વ્યક્તિને હાજર રાખે છે.તે સરસ્વતીથી એક પ્રકારનું અંતર રાખે છે. અને તેને બહ્યવચનથી બોલાવે છે. તેની સામે નૈતિકતાની, શુદ્ધ આચાર-વિચારની વાતો કરે છે. તેનું આ બાહ્યવર્તન તેનું સરસ્વતી તરફનું આકર્ષણ સૂચવી દે છે. વ્યક્તિ પોતાના આંતરમનમાં જે ઇચ્છા હોય તેનાથી તદ્દન ઊંધું વર્તન બાહ્ય રીતે કરીને પોતાની ઈચ્છાઓનું દમન કરે છે. મૂળ તો, અજાગ્રત વિચારની પ્રતિક્રિયાની રચના બાહ્યવર્તનમાં થાય છે. તેથી તેને પ્રતિક્રિયારચના (Reaction formation) કહે છે. જગજીવન સરસ્વતી પ્રત્યેના અદમ્ય કામાવેગને છુપાવવા માટે અતિશય સંયમી રીતે વર્તે છે. જે ફ્રોઈડના શબ્દોમાં કહીએ તો પ્રતિક્રિયારચના છે. આ દમનને પરિણામે જગજીવનની વૃત્તિઓ વિકૃત થતી જાય છે. તે પોતાની એક ઉચ્ચ, ઉદાત્ત, ચરિત્ર્યવાન વ્યક્તિ તરીકેની ઊંચીને ઊંચી પ્રતિમા રચતો જાય છે. તેની સાથે જ જુંગ કહે છે તેમ, તેના ચિત્તમાં ઊંડેને ઊંડે પર્સોનાથી વિપરીત એવો શેડો પણ મજબૂત બનતો જાય છે.

પોતાની પર્સોના માટે તે અતિશય સભાન છે. તેથી તે પોતાના અણીશુદ્ધ ચારિત્ર્યના સાક્ષી તરીકે પોતાની માને પણ સાથે રાખે છે. જગજીવનના આ બાહ્ય વર્તનથી સરસ્વતીને તેના માટે આદર જન્મે છે. એ આદરમાંથી ક્રમશઃ આકર્ષણ વધે છે. સરસ્વતી આ આકર્ષણને અટકાવા માટે જગજીવનને ગુરૂ સમાન માની લઇને આકર્ષણનું સ્થાનાંતરણ કરે છે. સરસ્વતીનું જગજીવન તરફનું આકર્ષણ વધે છે. કારણ કે તે જગજીવનની પર્સોનાને જ સાચી માની બેસે છે. સાથે જ જગજીવનના વર્તનથી તે એક પ્રકારની ગૂંગળામણ અનુભવે છે. જગજીવન તરફથી તેને પ્રેમનો યોગ્ય પ્રતિભાવ મળતી નથી. પરિણામે સરસ્વતીના ચિત્તમાં જન્મેલા આ આવેગનું સ્થાનાંતરણ રતિલાલ તરફ થાય છે. સગર્ભા ઊજામને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે, ત્યારે સરસ્વતી રતિલાલના ઘરે અગિયાર દિવસ રોકાઈ જાય છે. અને તેમાં સરસ્વતી રતિલાલ સાથે સંબંધ બાંધી બેસે છે. રતિલાલના ઘરેથી પાછી આવેલ સરસ્વતીની તબિયત બગડે છે. દાક્તરી તપાસને કારણે સરસ્વતી સગર્ભા છે એ વાતનો ખ્યાલ આવી જાય છે. અખબારમાં જગજીવનની ટીકા કરતો લેખ છપાય છે. આ પરીસ્થિતિની જાણ ગાંધીજીને પણ થાય છે. તેથી ગાંધીજી આ વાતની તપાસ માટે જગજીવન અને સરસ્વતીને પોતાની પાસે બોલાવે છે. ગાંધીજીને મળવા જતાં પહેલાં જગજીવન ચતુરાઇપૂર્વક સરસ્વતી કોની સાથે સંબંધ બાંધી બેઠી હતી એ જાણી લે છે. ગાંધીજી સાથેની વાતચીતમાં જગજીવન પહેલીવાર કબૂલે છે કે તેને સરસ્વતી તરફ આકર્ષણ થતું હતું. પૂરી વાત જાણ્યા પછી ગાંધીજી જાણી જાય છે કે જગજીવન નિર્દોષ છે. તરત જ જગજીવન ગાંધીજીને વિનંતી કરે છે કે,

"ત્યારે બાપુ, મારે વિશે આપ 'નવજીવન'માં ન લખો કે હું નિર્દોષ છું?"

ગાંધીજી તેને સ્પષ્ટ શબ્દોમાં પૂછે છે,

'પણ હવે સરસ્વતીનું શું કરવું? તમે કહેતાં હતાં કે તેને મળતાં તમને આકર્ષણ તો થાય છે. તો તમે તેને પરણી લઇ ન શકો?'

જગજીવન પોતાની પ્રતિજ્ઞા ગાંધીજીને યાદ કરાવે છે. ગાંધીજી તેને કહે છે કે, સરસ્વતી જેવી માજીની સેવા કરશે તેવી તમે પણ નહિ કરી શકો. જવાબમાં જગજીવન જે કહે છે તેમાં ક્યાંય સરસ્વતીનો તો ઉલ્લેખ આવતો જ નથી.

'પણ તો તો પછી બધા એમ જ માને કે હું જ આ કૃત્યને માટે જવાબદાર છું. હું તો આ પછી અન્ડરહિલ પદ્ધતિ પ્રમાણે ગમે તેટલે ખરચે પરીક્ષા કરાવીશ.'

જગજીવન સરસ્વતીને એક સારા ખાનગી પ્રસૂતિગૃહમાં દાખલ કરાવે છે. તેનો બધો ખર્ચ પોતે ઉપાડે છે. સરસ્વતી એક પુત્રને જન્મ આપે છે. પુત્રના જન્મ પછી પંદરમાં જ દિવસે જગજીવન એક ડોક્ટરને લઈને સરસ્વતીને મળવા પહોંચી જાય છે, પેલું રક્તપરીક્ષણ કરવા માટે. મા બન્યા પછી સરસ્વતી પોતાનું સ્ખલન ભૂલી જાય છે અને તે પોતાના બાળકને ચાહવા લાગે છે. જગજીવનના મુખે બાળકનું લોહી લેવાની વાત સાંભળીને સરસ્વતી રાડ પાડી બેસે છે. પરંતુ જગજીવન તો સરસ્વતીની લાગણીનો કશો વિચાર જ કરતો નથી અને ચેનકેન પ્રકારે બાળકનું લોહી લે છે. જગજીવનના આ વર્તનથી સરસ્વતીને કારમો આઘાત લાગે છે. રાત્રે સરસ્વતીને ઊંઘમાં પણ બળતા અંગારાને જોરજોરથી ફૂંકો મારતો જગજીવન સ્વપ્નમાં દેખાય છે. પોતે અનાથ બાળકને જન્મ આપ્યો છે, તેથી પોતાનું ભાવિ અંધકારમય છે એ સમજી ચૂકેલી સરસ્વતી બીમાર પડે છે. તેનો છોકરો પણ માંદો પડે છે. જગજીવન તરત દોડી આવે છે અને તેની સારામાં સારી સારવાર કરાવે છે. છતાં છોકરો ગુજરી જાય છે. સરસ્વતીને જગજીવન પોતાના ઘરે લઈ જાય છે. સરસ્વતીનું શરીર ધીમે ધીમે સુધરતું જાય છે. હવે જગજીવન પોતાને બધી રીતનો નૈતિક વિજય મળ્યો હોવાથી એકાંતમાં પણ સરસ્વતી જોડે હરે-ફરે છે. એ દરમિયાન સરસ્વતીને પહેલી વાર ખબર પડે છે કે જગજીવનને પણ તેની તરફ આકર્ષણ થતું હતું. ધીમે ધીમે બંને એકબીજા સાથે હળતાં-ભળતાં થાય છે અને ગાંધીજીના આશીર્વાદથી લગ્ન કરવાનું નક્કી કરે છે. જગજીવનની આ વાતથી સરસ્વતીના ચિત્તમાંથી પોતાના ભવિષ્ય વિશેની ચિંતા દૂર થાય છે. તેથી તે જગજીવનની વાત સ્વીકારી લે છે. બંને ગાંધીજીને મળવા જાય છે. ત્યારે ગાંધીજી સરસ્વતીને સ્પષ્ટ શબ્દોમાં કહે છે:

'પણ હું શી રીતે આશીર્વાદ આપું?...અત્યારે તું ચોખી થઇ ત્યારે મારો આશીર્વાદ લઇ પરણવાનો વિચાર કરે છે! પ્રેમ હોય તો તે વખતે ન પરણે? તારે પરણવું હોય તો પરણ, પણ બરાબર વિચાર કર.'

સરસ્વતીને પેલું અંગારાવાળું સ્વપ્ન યાદ આવી જાય છે અને તે જગજીવન સાથે પરણવાની ના પાડીને આશ્રમમાં જ રહેવાનો નિશ્ચય કરે છે.

મનોવિશ્લેષણાત્મક અભિગમથી જોતાં આ વાર્તાના કેટલાંક નવાં જ રસસ્થાનો નજરે પડે છે. સૌ પ્રથમ તો, જગજીવનની લઘુતાગ્રંથિ, તેણે કરેલી ક્ષતિપૂર્તિ, તેની પર્સોના વિશેની સભાનતા અને અદમ્ય કામાવેગને છુપાવી રાખવાની તેની આવડત નજરે પડે છે. બ્રહ્મચર્ય જેવાં ઉચ્ચ ધ્યેયો કોઈ અન્ય વ્યક્તિના કહેવાથી સિદ્ધ થતાં નથી. મહાત્મા ગાંધી જેવી વિરલ વિભૂતિ જે કરી શકે તે બધાં લોકો ન કરી શકે. જગજીવન જેવા લોકો આવી ઉચ્ચ પ્રકારની વ્યક્તિઓ સાથે પોતાની જાતનું તાદાત્મ્યીકરણ સાધી લે છે. પરિણામે તે પોતાને પણ એવી ઉચ્ચ માની લે છે. તેમનું ધ્યેય સમાજમાં માન-મોભો મેળવવાનું હોય છે. તેઓ જે કંઈપણ કરે છે તે એ માન-મોભો મેળવવા અને તેને સાચવી રાખવાના હેતુથી કરે છે.

જગજીવનના શેડોને ગાંધીજી સમજે છે. ગાંધીજી અહીં 'Wise Old Man' છે. જગજીવન સરસ્વતીના સ્ખલનની વાત જગજાહેર કરીને પોતાના ઉચ્ચ ચારિત્ર્યનો ઢોલ પીટે છે. જગજીવન ગાંધીચિંધ્યા માર્ગે જીવતો હોય તેમ દર્શાવીને પોતાના હેતુઓ સિદ્ધ કરે છે.

સ્ત્રી-પુરુષ સંબંધની દૃષ્ટિએ આ વાર્તાને વિચારીએ છીએ ત્યારે જગજીવનની સ્ત્રીઓ પ્રત્યેની વૃત્તિઓ પણ સમજાય છે. તે સરસ્વતી સાથે લગ્ન કરવા તૈયાર થાય છે. પણ એ પહેલા તે પૂરેપૂરી સરસ્વતીની આબરૂના લીરેલીરા ઉડાડવાનું ચૂકતો નથી. અલ્ફ્રેડ એડલર માને છે કે, વ્યક્તિની પ્રેમ કરવાની રીતિ પણ તેનો સ્વભાવ સૂચવતી હોય છે.

'The way a person loves is only an expression of his whole personality. It is so closely bound up with his life-style that we are in a position to draw certain conclusions concerning his life-style from his love affairs.'

આ દૃષ્ટિએ જગજીવનનો સરસ્વતી પ્રત્યેનો અભિગમ તેના વિકૃત માનસને રજૂ કરે છે. સૌ પ્રથમ તો તે પોતે નિર્દોષ છે એ વાત સાબિત કરે છે. સગર્ભા સરસ્વતી સાથે લગ્ન કરી તેની આબરૂ સાચવવાનું તે વિચારતો નથી. રક્તપરીક્ષણ વડે પોતે નિર્દોષ છે એ વાત પુનઃ સાબિત કરે છે. સરસ્વતીનો પુત્ર મરી જાય છે પછી તે સરસ્વતી સાથે લગ્ન કરવા તૈયાર થાય છે. સ્વાભાવિક છે આવી યુવતી સાથે લગ્ન કોણ કરે? સમાજની આ માનસિકતાને સમજતો જગજીવન પોતે જાણે સરસ્વતી પર ઉપકાર કરતો હોય, એ માટે સરસ્વતી સાથે લગ્ન કરીને, સરસ્વતીને પોતાની આશ્રિત બનાવીને પોતાની પ્રતિષ્ઠાને વધારે ઊંચે લઇ જવાનું વિચારે છે. અહીં જગજીવન સરસ્વતીને માત્ર પોતાની પ્રતિષ્ઠા વધારવાનું સાધન સમજે છે. સરસ્વતીએ તેના માટે 'સસ્તી' છે. એડલરના શબ્દોમાં કહીએ તો સરસ્વતી તરફનો જગજીવનનો આ પ્રકારનો અભિગમ તેની સ્વકેન્દ્રી માનસિકતા સૂચવે છે.

કાર્લ જુંગના એનિમા-એનીમસના સિદ્ધાંત મુજબ વિજાતીય પાત્રના આગમનથી વ્યક્તિને પોતાના શેડોની અનુભૂતિ થતી હોય છે. આ વાર્તામાં પણ સરસ્વતીના આગમનથી જગજીવનનો શેડો બહાર આવે છે. જગજીવનની સરખામણીમાં સરસ્વતી અત્યંત સરળ અને સીધી યુવતી છે. દ્વિરેફ સામાજિક પરિવેશને પણ ધ્યાનમાં લે છે. તેથી જ તેમના પાત્રો વધુ વાસ્તવિક બને છે. સરસ્વતીના સ્ખલન માટે પરોક્ષ રીતે જગજીવન પણ જવાબદાર છે. બીજી તરફ સરસ્વતીનો ઉપભોગ તેના જ પિતા વનરાવનદાસનો મિત્ર રતિલાલ કરી લે છે. આપણા સમાજમાં રહેલા દૂષણોને દ્વિરેફ ખુલ્લા પડી દે છે. રતિલાલનું પાત્ર ગૌણ છે પણ તેનું વર્તન સામાજિક માળખાંનો લાભ લઇને સ્ત્રીઓને રમકડું માનતા પુરુષોની મનોવૃત્તિ સૂચવે છે. એ અર્થમાં સરસ્વતીના પાત્ર વડે લેખક એક તરફ જગજીવનની મનોવૃત્તિઓને ખુલ્લી પડે છે તો બીજી તરફ રતિલાલ જેવા પુરુષોને પણ ઉઘાડા પડે છે. સ્ખલનથી સરસ્વતી સગર્ભા બની છે. પરંતુ તેના પુત્ર પ્રતેની આસક્તિ એ તેના વ્યક્તિત્વનું ઊજળું પાસું છે. પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થાને કારણે સ્ત્રીઓને જ શોષવું પડે છે તે જગજીવનનો રક્તપરીક્ષણના આગ્રહવાળા પ્રસંગ વખતે લેખક દર્શાવે છે. આ દીર્ઘ વર્ણન પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થાની મર્યાદા દર્શાવે છે. જગજીવનને નથી ગાંધીજી રોકતા કે નથી તેની માતા રોકતી. સરસ્વતીની પડખે તેના પિતા વનરાવનદાસ પણ નથી. રતિલાલ તો મોં દેખાડતો જ નથી અને તેથી જ સરસ્વતી 'સસ્તી' બની જાય છે. સરસ્વતીની આ અવસ્થાને તેઓ એક સચોટ ઉપમાથી દર્શાવે છે. 'દબાઈ ગયેલા જીવડાની પેઠે'- આ શબ્દો સરસ્વતીની અસહાય અવસ્થાને સચોટ રીતે દર્શાવે છે.

સરસ્વતીને આવતું અંગારાવાળું સ્વપ્ન જગજીવનની ક્રૂરતા સૂચવે છે. સાથે જ બળબળતા કોલસા એ જગજીવનની બળબળતી વાસના, કામાવેગને પણ દર્શાવે છે. સરસ્વતીને સ્વપ્ન દ્વારા જગજીવનનો સાચો સ્વભાવ જોવા મળે છે. મનોવિશ્લેષણાત્મક અભિગમથી જોતાં આં વાર્તા ખૂબ રસપ્રદ બની રહે છે. સ્ત્રી-પુરુષના સંકુલ સંબંધો, સ્વકેન્દ્રી વ્યક્તિત્વ, પુરુષપ્રધાન સમાજવ્યવસ્થામાં થતું સ્ત્રીનું શોષણ, વ્યક્તિની પર્સોના અને તેનો શેડો જેવી ઘણી અગત્યની બાબતો વાર્તામાં વણી લેવાઇ છે. એ અર્થમાં આ વાર્તા ખૂબ મહત્વની બની રહે છે.